ADFACTORS PR
Knowledge-driven communications



| Published Date: | 25 Jul 2018 | Publication: | Standard herald (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 11 |
| MAV/CCM: | 3430/3.43 | Circulation: | 123000 |



# TCS IT ક્વિઝની અમદાવાદ એડિશન ૧૦ ઓગસ્ટે યોજાશે

અમદાવાદ, અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)એ આજે જાહેરાત કરી હતી કે, શાળાઓ માટે ભારતની સૌથી મોટી ટેક્નોલોજી ક્વિઝ TCS IT ક્વિઝ ૨૦૧૮ની અમદાવાદ એડિશન અમદાવાદમાં ૧૦ ઓગસ્ટને શુક્રવારે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબની પાછળ, એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે.

આ ક્વિઝમાં ધોરણ ૮થી ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. દરેક સંસ્થા મહત્તમ ૮ ટીમ મોકલી શકે છે અને દરેક ટીમમાં બે બાળકો સામેલ હોય છે. ક્વિઝમાં ભાગ લેવાની કોઈ એન્ટ્રી ફી નથી. TCS IT ક્વિઝ ૨૦૧૮ ભારતમાં કુલ ૧૨ શહેરો — અમદાવાદ, બેંગલોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, ઈન્દોર, કોચી, કોલકાતા, મુંબઈ, નાગપુર અને પૂણેમાં યોજાશે.